

## સાત પગલાં આકાશમાં

કુન્દનિકા કાપડીઆ

નવભારત સાહિત્ય મંદિર

ચોથી આવૃત્તિ : જુલાઇ, ૧૯૮૭,

કિંમત : રૂ. ૬૫, પાનાં : ૪૬૧

*'કારાગારથી કૈલાસ સુધી'ની સ્ત્રીની કથની કહેતી નારીવાદી નવલકથા.*

પુરુષ સત્તાલોભી ને સ્વૈરવિહારી હોય તો તે અંગે ઉપાય કરવા જોઇએ. એને માટે થઇને સ્ત્રીની સ્વતંત્રતા છીનવી લેવી તે ક્યાંનો ન્યાય? હવે ઘરસંસાર ચલાવવાની જવાબદારી બંનેની છે. પુરુષ સ્વતંત્ર હોવાથી ઘર જોખમાતું નથી, તો સ્ત્રી સ્વતંત્ર થતાં શા માટે જોખમાવાનો ભય રાખવો? પરિવર્તન અને થોડી ઊથલ-પાથલ જરૂર થશે. અન્યાયી, અત્યાચારી પ્રથાઓ વડે ઘણાં ઘર ટક્યાં છે, થોડાંક ઘર ન્યાય ખાતર કદાચ તૂટે પણ ખરાં. પણ હવે ઘર તૂટશે તો તેમાં બંનેની જવાબદારી ગણાશે. ઘર સુંદર બનશે તો તે બંનેનું સર્જન હશે. (પ્રસ્તાવનામાંથી)

## સદ્ભિઃ સંગઃ

મનુભાઇ પંચોળી 'દર્શક'

આર.આર. શેઠની કંપની

પહેલી આવૃત્તિ : ૧૯૮૯, કિંમત : રૂ. ૬૭, પાનાં : ૪૨૫



*સંસ્થાકથા.* કેળવણીકાર દર્શકે આ પુસ્તકમાં સૌરાષ્ટ્રની જે બે ગ્રામ અને કૃષિ શિક્ષણસંસ્થાઓની કથા આલેખી છે તે છે આંબલાની ગ્રામદક્ષિણામૂર્તિ અને સણોસરાની લોકભારતી. દર્શક પુસ્તકના આરંભે જ લખે છે : "આ કોઇ આત્મકથા નથી. તે લખવી હોય તો મારાં વ્યક્તિગત મંથનો કેન્દ્રમાં રાખીને મારે વાતો લખવી પડે; મારું સાહિત્યિક જીવન, મારા સંસાર જીવનનાં ભરતી-ઓટ, મારી અર્ધી દુનિયાના પ્રવાસો આમાં ક્યાં છે? આ તો સંસ્થા અને તેની જોડે ચાલેલા જાહેરજીવનની કથા છે." 'પૂર્વવૃત્ત'થી 'પૂર્ણાહુતિ' એવાં અઢાર પ્રકરણોમાં લખાયેલી આ કથામાં સંસ્થાઓના કાર્યક્ષેત્ર, અભ્યાસપદ્ધતિ, વિષયો, વગેરેની વાત છે. પણ સાથે વિદ્યાર્થીઓ અને શિક્ષકોના સંબંધોના અંતરંગ પ્રસંગો પણ હૃદયસ્પર્શી છે. લેખકે અહીં પોતાની ભૂલો અને નિષ્ફળતાઓ પ્રામાણિકતાથી નિરૂપી છે. સંસ્થાકીય મર્યાદાઓ પર ઢાંકપિછોડો કર્યો નથી.

## સરસ્વતીચંદ્ર (ભાગ ૧-૪)

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

એન.એમ. ત્રિપાઠી પ્રાઇવેટ લિમિટેડ (મુંબઇ)

અઢારમી આવૃત્તિ : ૨૦૦૨, કિંમત રૂા. ૧૨૫ + ૮૦ + ૧૨૫ + ૨૦૦,

પાનાં : ૨૮૦ + ૧૫૨ + ૨૮૩ + ૬૭૩



*ગુજરાતી સાહિત્યની ઇતિહાસસર્જક અમર નવલકથા*

(સરસ્વતીચન્દ્રના) પહેલા ભાગમાં એમણે પોતાની શક્તિ ઠાલવી. નવલકથાનો રસ પહેલામાં ભરેલો છે. ચરિત્રચિત્રણ એના જેવું ક્યાંય નથી. બીજામાં હિંદુ સંસાર સરસ ચીતરાયો છે. ત્રીજામાં એમની કળા ઊંડી ગઇ, અને ચોથામાં એમને થયું કે હવે મારે જગતને જેટલું આપવું છે તે આ પુસ્તક દ્વારા જ આપી દઉં તો કેવું સારું!

(મહાદેવભાઇની ડાયરી પુ.૧)

- ગાંધીજી



## સર્જકની આંતરકથા

સંપાદક : ઉમાશંકર જોશી

ગંગોત્રી ટ્રસ્ટ (અમદાવાદ)

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૪, કિંમત : રૂ. ૪૦, પાનાં : ૩૨૦

*૪૬ સર્જકોની પોતાના સર્જનની આંતરકથા. ઉમાશંકર જોશીની અભ્યાસી સંપાદકીય.*

મેં મને વળી અહીં મૂલવી જોયો. આટલા સમયના અનુભવ પછી હું સાહિત્યને ઠીક ઠીક સમજતો થયો હતો. મને મૂલવવા જતાં લાગ્યું કે હું ક્યાંક માનવીના મનને અને એની પ્રકૃતિને ઓળખું તો છું જ. અને વળી જીવનનો અનુભવ તો મારી પાસે બહુરંગી હતો જ હતો. ઉપરાંત મારી ભાષા પણ માનવીનાં સંવેદનોને તાદૃશ કરી શકવા જેટલી સમર્થ હતી જ. મને કદીય ભાષાની ખેંચ પડેલી નથી...આ પ્રકારની મારી તારવણી નીકળતાં હું માત્ર આટલી જ વાતને પકડી રહ્યો : આપણે જો આપણાં પાત્રોની ને માનવીના જીવનની વાત તાદૃશ કરી શકીશું તો આપણી ભાષા આપણા પૂરતી તો ભયો ભયો જ છે!

હા, મારી પાસે આદર્શ કે ભાવના જેવું કશું છે જ નહિ. મારી પાસે 'જીવન' છે ને એને હું સારી પેઠે ઓળખું છું. આ જીવનને મેં સાહિત્યની કસોટીએ પણ ચડાવેલું છે.- પન્નાલાલ પટેલ



## સર્જકની શિક્ષકગાથા

સંપાદક : ઇશ્વર પરમાર

પ્રવીણ પ્રકાશન (રાજકોટ)

પ્રથમ આવૃત્તિ : જૂન, ૧૯૯૦, કિંમત : રૂ. ૫૫, પાનાં : ૨૦૮

*૧૮૩ સર્જકોને તેમના શિક્ષક દ્વારા મળેલ સર્જન-સંસ્કાર અંગેના અનુભવો-પ્રતિભાવો આલેખતું સંપાદન. ૩ અભ્યાસ લેખો અને શિક્ષક-સૂચિથી સંપાદન અભ્યાસગ્રંથની કક્ષાએ પહોંચ્યું છે.*

સાહિત્યક્ષેત્રે કોઇ નોંધપાત્ર સિદ્ધિ મેળવી નથી પરંતુ ઘણાને આવડે છે તે રીતે થોડુંક લખતાં ફાવે છે, અલબત્ત કોઇ પણ આવડતની પાછળ શિક્ષક અવશ્ય ઊભા હોય છે. આ માટે શિક્ષક સદેહે હાજર ન હોય તો પણ ચાલે. મારું રુચિતંત્રશાળા કરતાં શાળા બહારના શિક્ષકો દ્વારા વિશેષ ઘડાયું છે.

બાળપણમાં નજર નાખું છું, તો નાનાભાઇ ભટ્ટ, ગિજુભાઇ બધેકા જેવા સદેહે કદી ન મળેલા શિક્ષકો દેખાય છે. પછી તો એ જ પરંપરામાં રમણલાલ વ. દેસાઇ, ક.મા.મુનશી, ઝવેરચંદ મેઘાણી, ચંદ્રવદન મહેતા, મહાત્મા ગાંધીજી, કાકા કાલેલકર, સ્વામીઆનંદ, રામનારાયણ પાઠક, ઉમાશંકર જોષી સહિત બીજા ઘણાનો સમાવેશ કરી શકાય. આ બધામાં એક ઉમાશંકરભાઇને બાદ કરતાં બાકીના બધા પરોક્ષ શિક્ષકો છે.

-જયંત પંડ્યા